ગાંધીનગર સમાચાર
તા. ૮-૧૦-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

## હવે શું યુદ્ધ એ જ કલ્યાણ?

'મ્હારા કેસરભીના કંથ હો, પધારો જી રણવાટ...'

મહાકવિ ન્હાનાલાલના મહાભારત પર આધારિત કાવ્યનું શીર્ષક છે : 'વીરની વિદાય'. બધી જ કોશિશ પછી જ્યારે સમાધાનની કોઈ શક્યતા જ ન બચે ત્યારે દ્રૌપદી એના કેસરભીના કંથને રણસંગ્રામ માટે સજ્જ થવાનું ન કહે તો બીજું શું કહે? ભારતની પ્રજાને પણ પાકિસ્તાન તરફથી થઈ રહેલા અપમાનજનક વહેવાર હવે વધુ સમય સહન થઈ શકે એમ નથી. કુંતી જેવી પાંડવમાતાને લાગતું હતું એવું જ ભારતમાતાને પણ લાગી રહ્યું છે. હવે આવા પિતરાઈઓને ક્યાં સુધી સાંખવા? એમને શાંતિ ખપતી જ નથી ને આપણા નેતાઓ શાંતિની માળા જપ્યા કરે છે એ કાયરતા નથી તો બીજું શું છે? કુંતી શું, નવાઝ શરીફે મોકલાવેલી સાડી ઓઢીને, ગાંધીનગરમાં બેઠેલાં હીરાબા દામોદરદાસ મોદીના હૈયે પણ કદાચ આ જ પંક્તિ ઘૂંટાતી હશે : 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ!' પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી અરૂણ જેટલી અને ગૃહમંત્રી રાજનાથસિંહ પદપ્રાપ્તિ પછી ઠંડા પડી ગયા છે. એમને ચૂંટણી પ્રચાર વખતે જે ઉગ્ર ભાષા સૂઝતી હતી એ ડિપ્લોમેટીક રિલેશનશિપ અને આંતરરાષ્ટ્રીય સમીકરણોના સંદર્ભે હવે પ્રોટોકોલ લેંગ્વેજમાં ફેરવાઈ ગઈ છે. ચૂંટણી પતતાંની સાથે 'પાડોશીઓ બદલી શકાતા નથી' જેવી મનમોહન ભાષા આ ઝૂઝારુ કેસરિયા સરકારને પણ આવડી ગઈ. દેશ આખો એમના આવા વ્યવહાર-વર્તનને ઝીણી આંખે જોઈ રહ્યો છે. હજી આ અવઢવમાં પડેલી ત્રિપુટી નક્કી નથી કરી શકી કે 'જડબાતોડ જવાબ આપવો' એનો શો અર્થ થાય. જડબાતોડ જવાબ આપવાનાં રૂપકડાં નિવેદનોથી પાક રેન્જરોની બંદૂકો શાંત નથી પડવાની. હિંદી ભાષામાં એક મજાની કહેવત છે : લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે! પાકિસ્તાન દુનિયાભરમાં આતંકવાદના આશ્રયસ્થાન તરીકે કુખ્યાત છે. આથી મોટી બદનામી તો બીજી હોઈ જ કઈ શકે? ઓસામા બિન લાદેનને ધરાર આશ્રય આપીને એણે પોત પ્રકાશ્યું હતું. દાઉદ વટથી કરાંચીના મહેલમાં વીવીઆઈપી સુવિધાઓ સાથે રહે છે. આતંકીઓના આકા તરીકે ઓળખાતા મુંબઈ હુમલાના બ્રેઈનને - હાફિઝ સઈદ જેવા ખૂંખાર આતંકવાદીઓ પાકિસ્તાન પાક સાફ માનવંતા નાગરિક તરીકે પ્રવૃત્તિઓ કરવા દે છે. આટલી નાપાક હરકતો ઓછી હોય એમ વિદેશ સચિવ સ્તરની વાટાઘાટો પૂર્વે જ દિલ્હીના પાક હાઈકમિશનરે કાશ્મીરના અલગતાવાદી નેતાઓને ચર્ચા માટે નોંતરૂ પાઠવીને ભારતના શાસકોને એમની જ રાજધાનીમાં પડકાર્યા! આખરે ભોંઠી પડેલી ભારત સરકારે વિદેશ સચિવ સ્તરની વાટાઘાટો અટકાવી એટલે ગિન્નાયેલા નવાઝ શરીફ એ જ જૂનો કાશ્મીર રાગ યુનોના મંચ પર આલાપ્યો. કાશ્મીરમાં લોકમત લેવાની અને પ્રજાને એનો નિર્ણય કરવા દેવાની જૂની કેસેટ વગાડી. એ જ પ્રજા જયારે ભયંકર પૂરમાં ફસાઈ ગઈ ત્યારે એને મદદરૂપ થવાનું તો દૂર, અલગતાવાદીઓની મદદથી, પ્રજાની વહારે ધાયેલા ભારતીય સેનાના જવાનો પર પથ્થરમારો કરાવ્યો. ઘુસણખોરી વધારી દીધી. આતંકવાદીઓને સીમા પાર કરાવવા માટે પાક રેંજરો હરહંમેશ કવરિંગ ફાયર કરતા રહે છે, જેથી આપણી સરહદ સંભાલી રહેલા સીમા સુરક્ષા દળના જવાનો એમનો સામનો કરવા દોડી પડે. એ દરમિયાન ટાંપીને રાહ જોઈ રહેલા આતંકવાદીઓ જમ્મુ અને કાશ્મીરની આંતરરાષ્ટ્રીય સીમા તથા લાઈન ઓફ કંટ્રોલ પાર કરી સલામત રીતે ભારતીય સરહદમાં ઘૂસી જતા હોય છે. આ મોડસ ઓપરેન્ડી બહુ જૂની થઈ ગઈ. હવે તો પાકિસ્તાને તમામ પ્રકારની શેહશરમ છોડીને સરહદી ગામડાંમાં વસતાં નિર્દોષ નાગરિકોને જ નિશાન બનાવવાનું ચાલુ કરી દીધું છે. આરએસપુરા, પુંછ, મેંઢર અને અરણિયા જેવા સરહદી વિસ્તારો પર ઈદ અને માતાના જાગરણ જેવા પર્વોએ મોતના ગોળા વરસાવીને પાકિસ્તાને એની બદદાનત બતાવી દીધી છે. જમ્મુ અને પૂંછના રહેણાક વિસ્તારોમાં અને અરણિયા વિસ્તારમાં લોકો જીવ બચાવી નાસી રહ્યા છે. કયારે પાકિસ્તાની તોપગોળો આવી પડશે, એની દહેશતમાં લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. પાંચ ગ્રામજનોનાં મૃત્યુ અને પચાસથી વધારે ઘાયલનો અધિકૃત આંકડો ખુદ ભારતીય બીએસએપ તરફથી જાહેર થયો છે. ગૃહમંત્રાલય હેઠળ આવતું હોઈ બીએસએફ ગૃહસચિવને રિપોર્ટ કરે છે. બીએસએફ વડાને ગૃહમંત્રીએ મંત્રણા માટે તેડાવ્યા છે. ગૃહમંત્રીએ 'હવે જમાનો બદલાઈ ગયો છે, પાકિસ્તાને સમજી જવું જોઈએ અને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ન કરવું જોઈએ' જેવાં અર્થસભર નિવેદન જરૂર કર્યા છે, પરંતુ પાકિસ્તાનના પેટનું પાણી સુદ્ધાં હાલતું નથી. યુદ્ધવિરામના ઉલ્લંઘનની અને સરહદી રહેણાક વિસ્તારો પર ઘાતકી હુમલાની ઘટનાઓ અટકી નથી, કદાચ અટકશે પણ નહીં. જનરલ મુશર્રફ સત્તામાં નહીં હોવા છતાં પાક સેનાને ઉશ્કેરી રહ્યા છે, જયારે આપણા છપ્પનની છાતીવાળા વીર વડાપ્રધાન હરિયાણા અને મહારાષ્ટ્રમાં કેસરિયાં કરી રહ્યાં છે! આજ પર્યંત એમણે એક નિવેદન સુદ્ધાં કરવાની તસદી નથી લીધી. કોંગ્રેસી નેતા ગુલામ નબી આઝાદે એમને ચૂંટણી પ્રચાર દરમિયાન પાકિસ્તાન સામે કેટલા ગર્જન-તર્જનની યાદ અપાવી છે તો વળી રાજ ઠાકરેએ પણ મોદી જમ્મુ-કાશ્મીરની સળગતી સરહદો સામે આંખ મિચામણાં કરી ચૂંટણીપ્રચારમાં મહાલી રહ્યા હોવાની આકરી ટીકા કરી છે. જે ત્વરાથી નિર્ણય લેવાવો જોઈએ તે લેવામાં નહીં આવતાં સરકાર પ્રજાની નજરમાં વામણી સાબિત થઈ રહી છે. દાઉદને અમેરિકાની મદદથી પકડી લાવવાની બડાશ હાંકનારા વડાપ્રધાન પાકિસ્તાનની નાગડદાઈ સામે મૌન કેમ છે? શું યુદ્ધ માટે પણ વ્હાઈટ હાઉસની પરવાનગીની રાહ જોવી પડે એમ છે? મોદીની આ મજબૂરી એમને મહારાષ્ટ્ર-હરિયાણાની ચૂંટણીમાં ભારે પડી શકે એમ છે.

## થાઈબોક્સીંગ સ્પર્ધામાં ચન્દ્રવિ રાવલે ગોલ્ડ મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા.૭



રાજયકક્ષાની ગર્લ્સ થાઈબોક્સીંગ ટુર્નામેન્ટમાં નગરની ચન્દ્રવિ રાવલે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જે છત્તીસગઢ ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામી છે.

ગુજરાત રાજયની ગર્લ્સ થાઈ બોક્સીંગ સ્પર્ધા પાટણ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં માઉન્ટ શાળાની ચન્દ્રવિ કેતનકુમાર રાવલે ગર્લ્સ થાઈબોક્સીંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વેઈટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ગોલ્ડ મેડલ મેળવવા બદલ સરકાર દ્વારા અપાતી મહિલા સ્કોલરશીપમાં પસંદગી પામી છે. તેમજ આગામી સમયમાં યોજાનાર છત્તીસગઢ ખાતે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર તરફથી ભાગ લેશે.

### કે. કે. પટેલ વિદ્યાલય કોલવડામાં મહાકુંભ રમતોત્સવ

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે ખેલ મહાકુંભ-૨૦૧૪ નું આયોજન કરવામાં આવ્યું. આચાર્ય શ્રીમતી ભાવનાબા એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુંહતું. સરઢવ, રૂપાલ, આદરજમોટી, કોલવડા ચાર જૂથની કબડ્ડીની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ૧૦ જેટલી ટીમો વચ્ચે હરીફાઈ હતી. જેના વિજેતા ટીમો રહેવાની હતી. કોલવડા કન્યા શાળા, વરદાયિની હાઈસ્કૂલ રૂપાલ કન્યા, કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા કોલવડા ગામ.

રમતોત્સવનું સફળ સંચાલન શાળાના વ્યાયામ શિક્ષક શ્રી નલિનભાઈ પટેલ તથા રામજીભાઈ પટેલ અને અશોકભાઈ પટેલે નિર્ણાયક ભૂમિકા બજાવી હતી. વિજેતા ટીમોને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## સંસ્કૃતિ સંસ્થા દ્વારા ગાંધીનગરમાં પ્રસ્તુત થશે અનોખો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરની જાણીતી કલાસંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા વાર્તાકથનનો એક અનોખો અને વિશિષ્ટ કાર્યક્રમ આગામી તા. ૧૧-૧૦-૨૦૧૪, શનિવારના રોજ રાત્રે ૯.૦૦ વાગે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. વાર્તાકથન અને વાર્તાશ્રવણ એ માનવજાતના રસનો વિષય કાયમ રહ્યો છે. એટલે સંસ્કૃતિ સંસ્થા એક અદ્‌ભૂત વાર્તાકથનનો કાર્યક્રમ લઈને ગાંધીનગરના કલારસીકો સમક્ષ આવે છે. વાર્તા વંચાય છે પુસ્તકો દ્વારા. વાર્તા જોવાય છે ટેલીવીઝન અને ફિલ્મ દ્વારા. પણ વાર્તા સાંભળવાના પ્રસંગો ઘટતા જાય છે. આ ખોટ પુરી કરવા માટે 'પ્રેમને જો વાચા હોત તો ?' એ શિર્ષક તળે વાર્તાકથનનો આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

ગુજરાતના જાણીતા લોકકલાકાર અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના યુવા અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવી દ્વારા લોકસાહિત્યની ભાતીગળ વાર્તા કહેવામાં આવશે. શ્રી યોગેશભાઈ કથન અને ગાયનના ઉત્તમ કલાકાર છે. એટલે વાર્તાની સાથે ગીત, દુહા-છંદ વગેરે પણ આવરી લેવાશે. જેથી વાર્તા વધારે રસાળ બને. અગાઉ ધુરંધર વાર્તાકાર સ્વ. શ્રી કાનજી ભુટા બારોટ અને સ્વ. શ્રી બચુભાઈ ગઢવી અદ્‌ભૂત રીતે વાર્તા કહેતા અને શ્રોતાઓ રસતરબોળ થઈ જતા. એ પરંપરાને સુંદર રીતે જાળવી શકે તેવા નવી પેઢીના કલાકાર યોગેશભાઈ ગઢવીએ તે ભવ્ય સ્વરૂપને જીવંત રાખવા માટે વાર્તાકથન કરવા સહમત થયા છે. સંસ્કૃતિ સંસ્થા તથા ગાંધીનગર જૈન સોશ્યલ ગૃપના સભ્યો માટે તેમજ ખાસ નિમંત્રિતો માટે આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

### સ્વામી વિવેકાનંદ સ્મરણિકાનું વિમોચન કરાશે

ગુજરાત નગરપાલિકા પરિષદ દ્વારા સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દી વર્ષનિમિત્તે સ્મરણિકા વિમોચન સમારોહ યોજવામાં આવનાર છે. ગુજરાત નગરપાલિકા પરિષદ, બાબુભાઈ પટેલ નગરપાલિકા ભવન ખાતે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણમંત્રીના મુખ્ય મહેમાન પદે તા. ૧૩ ઓક્ટોબર સોમવાર સવારે ૧૧ વાગે યોજવામાં આવશે. જેમાં મુખ્ય અતિથિપદે નરહરિ અમીન ઉપાધ્યક્ષ આયોજન પંચ, સમારંભના પ્રમુખ તરીકે પોપટલાલ પટેલ ઉપસ્થિત રહેશે.

## કોઈપણ સમાજના વિકાસમાં તેની એકતા અનિવાર્ય છે : ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ગાંધીનગર, તા. ૭

કોઈપણ સમાજમાં જ્યારે એકતાનો સંદેશ ખરા અર્થમાં મૂર્તિમંત થાય છે ત્યારે તેનાં વિકાસની આડે કોઈ અવરોધ નડતો નથી તેમ જાણીતા સાહિત્યકાર અને લેખક શ્રી કનૈયાલાલ ભટ્ટે જણાવ્યું હતું.

સમગ્ર રાજ્યમાં વિવિધ ધર્મ, નાત-જાત અને જ્ઞાતિઓના લોકો પોતાનું સંગઠન રચીને તેમનાં સમાજનાં તમામ લોકોના વિકાસ માટે કાર્યો કરી રાજ્યનાં વિકાસમાં પણ યોગદાન આપી રહ્યા છે. ખ્રિસ્તી સમાજે પણ રાજ્ય-રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવાના હેતુસર વિવિધ સંગઠનો રચી યથાશક્તિ કામગીરી કરી રહ્યો છે. ગુજરાત જેવા અત્યંત વિકાસશીલ રાજ્યમાં ખ્રિસ્તી સમાજના તમામ સમુદાયો એક થઈ ''ક્રિશ્ચિયન વેલ્ફેર એસોશીએશન (ગુજરાત)''ની સ્થાપના કરી છે. જેનો મુખ્ય ઉદ્દેશ સમાજનાં છેવાડાના ખ્રિસ્તી કુટુંબો અને જરૂરીયાતમંદોને તેમના પ્રશ્નો, સમસ્યા અને તેમના લાભાલાભની બાબતોમાં મદદરૂપ થવાનો અને તેનો ઉકેલ લાવવાનો છે.

ક્રિશ્ચિયન વેલ્ફેર એસો.(ગુજરાત)નાં પ્રથમ પ્રમુખ તરીકે શ્રી સેમ્યુલ પી. ક્રિશ્ચિયનની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ખ્રિસ્તી સમાજના વિવિધ ચર્ચના અગ્રણીઓ સર્વશ્રી ફાન્સિસ મેકવાન, હિંમતભાઈ મેકવાન, સેમ્યુલભાઈ,શીરીષભાઈ જ્હોન, નિરવ વોસ્ટન, જોવીયેલભાઈ ક્રિશ્ચિયન, હસમુખભાઈ મેકવાન, પાસ્ટર જોશુયા, ઝેવીયરભાઈ, રમાકાન્ત પરમાર વગેરે અગ્રણીઓએ વિચાર વિર્મચ કર્યા બાદ ખ્રિસ્તી સમાજના તેજસ્વી તારલાઓ કે જેમણે ધો.૧૦ અને ૧૨માં ૬૦ ટકાથી વધુ ગુણ મેળવ્યા હોય તેમનું ગોલ્ડ મેડલ અને સન્માન પત્રથી અભિવાદન કરવાનું આયોજન વિચાર્યું હતું. જેમાં શ્રી હસમુખભાઈ મેકવાને ગોલ્ડ મેડલ અને સન્માનપત્રનો તમામ ખર્ચો પોતાના શિરે ઉઠાવી લીધો હતો.

તેમજ કાર્યક્રમના સ્થળ માટે



ગાંધીનગર-સરખેજ હાઈવે પર સરગાસણના ચાર રસ્તા નજીક આવેલા ગ્રીન સીટી ચર્ચના ટ્રસ્ટી મંડળ અને પાસ્ટર જોશુઆએ તેમના ચર્ચમાં જગ્યા આપતા સંસ્થાના તમામ માનનીય સભ્યશ્રીઓનાં પરિશ્રમ અને દોડધામથી આ કાર્યક્રમ સફળતા પૂર્વક ઉજવાયો હતો. જેમા કુલ ૧૭ વિદ્યાર્થીઓ પૈકી હાજર રહી શકનારા આઠ જેટલા વિદ્યાર્થીઓને સમારંભના મુખ્ય અતિથિ વિશેષ શ્રી કનૈયાલાલ ભટ્ટના હસ્તે મેડલ અને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના ઉદ્દેશને જોતા પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. ધ્યેયને નજર સમક્ષ રાખીને જો કોઈપણ કાર્ય કરવામાં આવે તો તેમાં ચોક્કસ સફળ થવાય છે. જેના માટે તેમણે પોતાનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે એક તબક્કે હું ધો.૧૦માં નાપાસ થયો હતો, પરંતુ સાહીત્યક જીવને કારણે મારા સ્વપ્નને છોડી નહીં દઈને તેના માટે પુનઃ પુરજોશથી મહેનત કરતાં આજે તેઓએ પી.એચ.ડી. થઈને ડૉક્ટરેટની ડીગ્રી હાંસલ કરી છે. ડૉ. ભટ્ટે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંદેશો આપીને વધુમાં જણાવ્યું હતું કે, ખ્રિસ્તિ સમાજ મહદ્ અંશે સરળ અને સેવાભાવી સમાજ છે. આજના સમયમાં ખ્રિસ્તી સમાજના લોકો પણ તેમના હોદ્દાઓ કે આર્થિક સદ્ધરતાને બાજુમાં રાખીને એક થઈ રહ્યા છે તે આવકારદાયક બાબત છે. શ્રી ભટ્ટે ખ્રિસ્તી સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. ક્રિશ્ચિયન વેલ્ફર એસો. (ગુજરાત)ના પ્રમુખ સેમ્યુલ ક્રિશ્ચિયનને આ કાર્યક્રમને સફળ બનાવવા મદદરૂપ થનારા તમામ અગ્રણીઓનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

શ્રી સેમ્યુલ જણાવ્યું હતું કે, અભ્યાસ, ધંધો કે કોઈપણ બાબતમાં સફળ થવા સતત કાર્યશીલ રહી પ્રયત્નો કરવાથી યોગ્ય ફળ પામી શકે છે. શ્રી સેમ્યુલભાઈ તેમના વ્યક્તવ્યમાં ઉદાહરણ આપતા જણાવ્યું હતુ કે વાંસની ખેતી કરવા ઈચ્છુક ખેડુત બીજ વાવ્યા બાદ તેનું પાંચ વર્ષ જેટલાં લાંબા સમય માટે ખાતર, પાણી વગેરેથી જતન કરે છે. પ્રથમ વર્ષથી લઈને પાંચમાં વર્ષ સુધી વાંસના બીજમાંથી કંઈ ફાયદો થતો નથી. પરંતુ પાંચમાં વર્ષ બાદ અન્ય ત્રણ અઠવાડિયા જેટલા જ સમયમાં આ વાંસનું બી ૫૦ ફુટથી વધુ ઉંચા વાંસના જંગલોમાં પરિવર્તિત થઈ જાય છે. પરંતુ તેને માટે ધીરજ અને પ્રયાસ જારી રાખવો જરૂરી છે. તેવી જ રીતે સફળ થવા માટે વિદ્યાર્થીઓને તેમનાં અભ્યાસમાં કે કોઈ સમાજનાં સંગઠનને પણ કેટલાંક સમય સુધી અતિશય પ્રયાસ કરવો પડે છે. ગ્રીન સીટી ચર્ચના યજમાન પાસ્ટર જોશુઆએ પણ ક્રિશ્ચિયન સમાજનાં આ કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી આગામી દિવોસોમાં સંગઠન ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

ક્રિશ્ચિયન વેલ્ફેર સમાજના અગ્રણી શ્રી શીરીષ જ્હોને સમગ્ર કાર્યનું સફળતાપૂર્વક સંચાલન કરી પ્રારંભિક કાર્યક્રમમાં થયેલી ભૂલોને ધીમે ધીમે સુધારી વધુ અસરકારક રીતે પ્રસંગો ઉજવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. શ્રી ફાન્સિસ મેકવાને આભારવિધિની જવાબદારી નિભાવતાં આમંત્રિત મહેમાનો, વિદ્યાર્થીઓ તેમના માતાપિતા, યજમાન ટ્રસ્ટી મંડળ વગેરેનો આભાર માન્યો હતો.

## હરિની દૃષ્ટિ...




હવે, ઝાડુ મુકો.. શરદ પૂર્ણિમા ઉજવવાની જગ્યા સાફ કરવા ઝાડુ લાવી છું...!! આપણે અહીં સફાઇ અભિયાન ચલાવવા નથી આવ્યા...!!



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયાના લેબર પાર્ટીના કેવિન રૂડને પરાજય આપી ટોની એબોર્ટ ઓસ્ટ્રલિયાના વડાપ્રધાન બન્યા છે તે કયાં પક્ષમાંથી ચુંટાયા હતા ?
→ **લિબરલ નેશનલ યુટી**

૨. વર્ષ ૨૦૧૩માં ન્યુઝીલેન્ડમાં ગીત ગાનારા પક્ષીઓની કઈ પ્રજાતિ મળી આવી છે ?
→ **મોહોઉડાએ**

૩. ૨૦૧૩માં વિકટોરીયા એન્ઝરેન્કાને હરાવી કારકિર્દીનું ૧૭મું ગ્રાન્ડ સ્લેમ જીતનાર કઈ ખેલાડી યુ.એસ.ઓપનમાં ચેમ્પિયન બની હતી ?
→ **સેરેના વિલિયમ્સ**

૪. ૨૦૧૩માં લંડનમાં યોજાયેલી એટીપી વર્લ્ડ ટૂર ફાઈલનમાં સર્બિયાના નૉવાક જોકોવિચે કોને હરાવ્યો હતો ?
→ **રફેલ નડાલ**

૫. ૨૦૧૩માં ઓલિમ્પિક મશાલને કોના દ્વારા અંતરિક્ષમાં લઈ જવામાં આવી હતી ?
→ **રશિયન અંતરિક્ષયાત્રી ઓલંગ કોટોવે, સર્ગેઇ ચ્યાઝાન્સ્કી**

૬. ૨૦૧૪માં નાશા સંસ્થાનું કયું અભિયાન નાસ થયું હતું?
→ **લાડી**

૭. વર્ષ ૨૦૧૪માં એશિયા વિકાસ બેંકના સંચાલક મંડળમાં તાજેતરમાં કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **અરૂણ જેટલી**

૮. ૨૦૧૪માં અમદાવાદ ખાતે કેટલામો નેશનલ બુક ફેર યોજાયો હતો ?
→ **ત્રીજો**

૯. ૨૦૧૪માં ગુજરાતનાં કયા સ્થળે રાષ્ટ્રીય ગણિત મહોત્સવ યોજાયો હતો ?
→ **રાજકોટ**

૧૦. ૨૦૧૪માં જાણીતી અમૂલ ડેરીને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?
→ **ગ્રીન ગર્વનસ એવોર્ડ**

૧૧. ૨૦૧૩ માં મોન્સૂન ફેસ્ટિવલ ગુજરાતના કયા સ્થળે યોજાયો હતો ?
→ **સાપુતારા**

૧૨. તાજેતરમાં મીઠી વીરડી ખાતે અણુ વીજમથકોને મંજૂરી આપવામાં આવી તે કયા શહેર નજીક આવેલ છે ?
→ **ભાવનગર**

૧૩. ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં કેટલી જેનેરિક દવા વિનામૂલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે ?
→ **૫૬૯**

૧૪. ૨૦૧૩માં ફોરેન પૉલિસી મેગેઝીનના ૧૦૦ ટોચના વિચારકોની સૂચિમાં પ્રથમ સ્થાન કોને આપવામાં આવ્યું છે ?
→ **એડવર્ડ સ્નોડેન**

૧૫. ૨૦૧૩માં તબીબ ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર કયા ત્રણ તબીબને આપવામાં આવ્યા હતા ?
→ **જેમ્સ ઇ રોથમેન (યુએસએ), રેન્ડી ડબલ્યુ રોકમેન (યુએસએ), થોમર્સ સુડોક (જર્મની)**

૧૬. ૨૦૧૩માં ફિઝિક્સ ક્ષેત્રનું નોબેલ પુરસ્કાર કયા બે વૈજ્ઞાનિકને પ્રાપ્ત થયું હતું ?
→ **ફ્રાન્કોઇસ ઇંગ્લેર્ટ, પીટર હિગ્સ**

૧૭. ૨૦૧૩માં રસાયણશાસ્ત્ર ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર કયા વ્યક્તિઓને પ્રાપ્ત થયા હતા ?
→ **માર્ટીન, કારપ્લસ, માઇકલ લેટિવ, એરિહ વાસ્શેલ**

૧૮. ભારત નિર્માણ જનસૂચના અભિયાનનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
→ **ઇરાઇક્કલ (તામિલનાડુ)**

૧૯. ભારત નિર્માણ જનસૂચનાનું કેટલામું અભિયાન યોજવામાં આવ્યું હતું ?
→ **૪૭મું**

૨૦. તામિલનાડુ ખાતે આયોજિત ભારત નિર્માણ જનસૂચના અભિયાનનું ઉદ્‌ઘાટન કોને કર્યું હતું ?
→ **રાજયમંત્રી નારાણય સામી (યુપીએ સરકાર)**

## આ. મુખ્યમંત્રીને જત જણાવવાનું કે... હું ગાય બોલું છું...

### વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ



બહેનશ્રી કુશળ હશો. હમણાં જ જગતજનનીનો નવરાત્રી ઉત્સવ પૂર્ણ થયો. માનું પૂજન કરવું એ ભારતીયોનો સ્વભાવ છે. ગુજરાતની ભૂમિને વંદન કરી આ પત્રની શરૂઆત કરું છું. અમારો ગૌવંશ ૧૦ લાખ વર્ષથી સમગ્ર સંસારને ગતિ-મતિ આપતો રહેલો છે. ભારતમાં અમે ઈ.સ. પૂર્વે ચાર હજાર વર્ષથી પાલતું પશું તરીકે જાણીતા છીએ. કયારેક અબોલા હોવાની છટપટાહટનો અનુભવ થઈ આવે છે, પણ ગાંધીનગર સમાચારના માધ્યમથી તમારા સુધી પહોંચી રહી છું તેનો આનંદ છે. હું જાણું છું કે ગુજરાતમાં ગોહત્યા અંગેનો કાયદો છે, કામધેનુ યુનિવર્સિટી અને ગોપાલક નિગમ પણ છે છતાં, દેશી ગોપાલનની બાબતમાં નવી નીતિની જરૂર લાગે છે. કારણ કે અમને બચાવવાનો શ્રેષ્ઠ ઉપાય એમને સમાજમાં પુનઃસ્થાપિત કરવામાં જ છે. માત્ર કસાઈઓથી બાચવવાથી અમારું કલ્યાણ નથી જ નથી. આમ તો પશું હોવું અને એક નારીજાતિના હોવું એટલે જાણે અમુક કડવાશ અને દુઃખોથી ટેવાઈ જવું પડે! હજી માનવજાતિમાં પણ કયાં સ્ત્રીને બધા પ્રદેશોમાં પુરૂષો જેટલો માન-મોભો મળતો થયા છે? તમારી વાત જુદી છે હો... એ વાત તો માનવી પડે.

**● અમારી ભવ્ય ઓળખ**

મારી ઓળખ સમખુરી **(Artidactyle)** એટલે કે બોવિડે - વાગોળનારા સસ્તન પ્રાણીની શ્રેણી કે કુળની છે. અમારી પ્રજાતિ બોસ **(Bos)** તરીકે ઓળખાય છે. આ વાત એટલે જણાવી કે મુખ્ય વાત તેની સાથે જોડાયેલી છે. હવે મૂળ વાત - વિજ્ઞાનના નામે વિદેશીઓની અનેક કાળી કરતૂતોમાંની એક અમારે નામે પણ છે. (ભેંસનાં દૂધના ફેટની એક છાની લાલચ આપી દીધી જેથી એની મેળે અમે દેશી ગાયો ભૂલાઈ જઈએ અને... રૂપિયાનો જાદુ કામ કરી જાય...) ઉપર જણાવી તેવી બોસ પ્રજાતિની બે જાતિ મુખ્ય છે. એક છે ભારતીય ગાય **(Bos Indicus)** અને બીજી વિદેશી ગાય **(Bos Taurus).**

● દેશી ગાય અને વિદેશી ગાય વચ્ચેનો ભેદ

મને જણાવતા ગૌરવ અનુભવાય છે કે આજે ઘેર ઘેર જોવા મળતી વિદેશી ગાયો તે મારાથી અનેક રીતે જુદી પડે છે. (કાઉનો સમાનાર્થી શબ્દ ગાય નથી જ.) વિદેશી ગાયો ખૂંધ વિનાની હોય છે. (અમારો દીકરો જ ગાડાનો ભાર ખેંચી શકે નહિં કે ખૂંદ વિનાનો વિદેશી આખલો) અમારી ખૂંધમાં સૂર્યકેતુ નામની નાડી હોય છે. આ નાડી સૂર્યશક્તિને ગ્રહણ કરે છે અને શરીરની વિશિષ્ટ રચનાને કારણે એ સૂર્યશક્તિની મદદથી સુવર્ણપિત્ત બનાવે છે. આ જ સુવર્ણપિત્તનો અંશ અમારા દૂધ, મૂત્ર અને છાણમાં ઉતરે છે માટે જ આ અમારું દૂધ સહેજ પીળા રંગની છટા ધરાવે છે. આ કારણે અમારા દૂધમાં રોગપ્રતિકારક શક્તિ અને બુદ્ધિ, ઓજસ તથા તેજ વધારનાર સુવર્ણક્ષાર અને સેરિબ્રોસાઈડ તત્ત્વ હોય છે. આંખોનું તેજ વધારનાર અંધત્વ દૂર કરનાર કેરોટિન અને જીવનતત્ત્વ 'અ' વિપુલ માત્રામાં હોય છે.

**● શાસ્ત્રોએ કરી અમારી પ્રશંસા**

તમે કોઈ પણ શાસ્ત્રમાં દૃષ્ટિ કરશો તો ધ્યાનમાં આવશે કે અમારા ખૂબ ગુણગાન ગવાયા છે. વેદમાં ત્રણ માતાઓની સ્તુતિ છે, જેમાં ઈડા, ભારતી અને સરસ્વતીનો સમાવેશ થાય છે. નિઘંટુ નામના શબ્દ કૌંશમાં અમારા માટે અનેક સમાનાર્થી શબ્દો પ્રયોજાયા છે તેમાં એક છે 'અહન્યા' અર્થાત 'હણવી ન જોઈએ તે.' (ગુજરાતે કાયદો બનાવ્યો તે પછી પણ... પણ એક વાત કહી દઉં કે જે દિવસે હનન કરનાર લોકોને પણ મારી આ હકીકતો ધ્યાનમાં આવશે ત્યારે તે પણ ઉછેરવા લાગશે.) આજે કેન્સર જેવા રોગોના ઈલાજ માટે અનેક દવાઓ શોધાઈ રહી છે. મારી અંદર તૈયાર થતું 'એન્ઝાઈમ' અન્ય કોઈ (વિદેશી ગાય) માં જોવા મળતું નથી. આ તત્ત્વ ઝેર અને ઝેર જેવી શરીરની રાસાયણિક વિકૃતિઓથી શરીરના કોષને રક્ષણ આપે છે, અર્થાત્ શરીરમાં કેન્સરનો દાનવ જન્મે જ નહીં.

**● એક માતાના સૂચનો**

તમને મારી વાત જો બરાબર બેસતી હોય તો એક સૂચન પણ ભેગું ભેગું કરી લઉં. તમે જેમ મહિલા સશક્તિકરણની અનેક યોજનાઓ તૈયાર કરાવો છો તેવી મારી માટે પણ પાંચ-છ યોજનાઓ ઘડી આપો તો આખું વિશ્વ એક દિવસ ગોકુળ બની જશે. જેમ કે, ખેડૂત અને પશુપાલક હોય તેને દેશી ગાયની ખરીદી માટેની વિશેષ લાભકારી યોજના, ઓછી આવક ધરાવતા ખેડૂત કુટુંબની દીકરીના લગ્ન વખતે સરકાર અમને પણ કન્યાદાન તરીકે આપે. (શું કરું મારી પણ મજબુરી છે... મારું ઘર પણ દીકરીની જેમ બદલાશે તો મને કંઈ વાંધો નથી.) સરકાર પોતે ગોસંવર્ધન માટેના વિશાળ ચરિયાણામાં કેન્દ્રો શરૂ કરે જે શહેરોથી નજીક હોય, જયાં દેશી ગાય માટેનું સ્વર્ગ રચાય. ત્યાં દૂધ, ઘી, સ્વચ્છ કરેલ ઔષધરૂપ ગૌમૂત્ર અને છાણથી તૈયાર થેલા પણ મળતા હોય. (આ. વલ્લભભાઈ કથિરિયા આ કામ કોઈ ગોપાલક અને ગૌસંશોધકની મદદથી કરી શકે. જેમ કે - ડૉ. હિતેશભાઈ જાની, જામનગર આયુર્વેદિક કૉલેજ, પાલનપુરના મનુભાઈ ચૌધરી) સંશોધનોથી સાબિત થયું છે કે અમે જો ચરાણમાં જઈ ઘાસ ખાઈએ તો અમારા દૂધમાં સી.એસ.એ. વધુ માત્રામાં હોય છે. જે શરીરની અંદરથી ઉત્પન્ન થતાં રોગોને આવતા અટકોવ છે અને હોય તો મટાડે છે. ઉપરાંત ઓમેગા - ૩ વધુ હોય છે. જે શરીરની રક્ત વાહિનીઓને સાફ કરી કૉલેસ્ટ્રોલ દૂર કરે છે.

**● અમારી અનેક ઉપયોગીતાઓ**

ભેંસનું દૂધ ખાનારી પ્રજાની સરખામણીમાં ગાયનું દૂધ ખાનારી પ્રજા વધુ પાણીદાર, તાકાતવર, નીરોગી અને સુડોળ બાંધાની હોય છે. (આપના ભરવાડ ભાઈઓને જોઈ લેવા) એ પણ નોંધ્યું છે કે ભેંસનું દૂધ પીનારી પ્રજા

● અનુસંધાન પાના - ૭ પર